**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : કલ્પના શાહ**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 20-06-2024                    સમય : સવારે 6.50 વાગ્યે**

---

## P.M. –જમ્મુ કાશ્મીર મુલાકાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી શરૂ થતી જમ્મુ અને કાશ્મીરની મુલાકાત દરમિયાન એક હજાર 500 કરોડ રૂપિયાના 84 વિકાસકામોનું ખાતમૂહુર્ત અને ઉદઘાટન કરશે. તેઓ આજે શ્રીનગરમાં યોજાનાર જમ્મુ અને કાશ્મીરમાં પરિવર્તન લાવવા યુવાનોને અધિકાર સંપન્ન બનાવવા અંગેની ઇવેન્ટમાં જોડાશે.

આ પ્રસંગે તેઓ સરકારી સેવામાં નિયુક્તિ પામેલા બે હજારથી વધુ યુવાનોને નિમણુંકપત્રો એનાયત કરશે. પ્રધાનમંત્રી 1 હજાર 800 કરોડ રૂપિયાના ખર્ચના કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં સ્પર્ધાત્મક સુધારા કાર્યક્રમનો આરંભ કરાવશે.

21મી જૂને શ્રીનગરમાં યોજાનાર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જોડાશે અને ઉપસ્થિતોને સંબોધન કરશે.

**RNU અમદાવાદ**

---

## રાજ્ય યોગ દિવસની ઉજવણી

રાજ્યભરમાં નડાબેટ સહિત  કુલ 312 મુખ્ય સ્થળોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી આવતીકાલે 21મી જૂનના રોજ કરાશે. રાજ્યકક્ષાનો કાર્યક્રમ નડાબેટ ખાતે યોજાશે.  જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી રમતગમત રાજ્યમંત્રી હર્ષ સંઘવી સાથે 2 હજાર 500 જેટલા યોગસાધકો  જોડાશે.

**RNU અમદાવાદ**

---

## 7,500 શિક્ષકોની કાયમી ભરતી

રાજ્ય સરકારે ગુજરાતની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી અને અનુદાનિત શાળાઓમાં આગામી ત્રણ મહિનામાં 7 હજાર 500 જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરવાનો નિર્ણય કર્યો છે.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં  આ નિર્ણય લેવાયો છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે જણાવ્યું કે, રાજ્યની અનુદાનિત શાળાઓમાં T.A.T—સેકેન્ડરી અને T.A.T.—હાયર સેકેન્ડરી પાસ ઉમેદવારોની યોગ્યતાના આધારે કસોટી પ્રમાણે કાયમી ભરતી કરવામાં

આવશે. T.E.T.-વન અને T.E.T. -2ના ઉમેદવારોની પણ ભરતી પ્રક્રિયા ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે.

શ્રી પટેલે જણાવ્યું કે, માધ્યમિક એટલે કે, ધોરણ નવ અને ધોરણ દસની સરકારી શાળામાં કુલ 500 અને અનુદાનિત શાળામાં ત્રણ હજાર એમ કુલ 3 હજાર 500 T.A.T. 1 પાસ થયેલ ઉમેદવારોની ભરતી કરવામાં આવશે. જ્યારે ઉચ્ચતર માધ્યમિક એટલે કે, ધોરણ 11 અને ધોરણ 12માં સરકારી શાળામાં 750 અને અનુદાનિત શાળામાં 3 હજાર 250 એમ મળીને T.A.T. 2ના કુલ 4 હજાર જેટલા ઉમેદવારોની ભરતી કરવામાં આવશે. તાજેતરમાં જ એક હજાર 500 જેટલા H.M.A.T. આચાર્યની ભરતી રાજ્યની અનુદાનિત શાળાઓમાં કરવામાં આવી છે.

અત્રે નોંધનીય છે કે, રાજ્યમાં છેલ્લા 10 વર્ષમાં કુલ 18 હજાર 382 જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરવામાં આવી છે.

**RNU અમદાવાદ**

---

## શાળા પ્રવેશોત્સવ

રાજ્યમાં આગામી મા 21 જૂન સુધી શાળા પ્રવેશોત્સવના 28 થી26 મંત્રીમંડળની બેઠક .તબક્કાનું આયોજન કરવામાં આવ્યું છે બાદ રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, રાજ્યમાં યોજાનારા ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવમાં પ્રથમ વખત બાળવાટિકા અને ધોરણ -માં પણ પ્રવેશોત્સવની11 એકમાં પ્રવેશ ઉપરાંત ધોરણ નવ અને ધોરણ

ઉજવણી કરવામાં આવશેમુખ્યમંત્રી ., મંત્રીમંડળના વિવિધ સભ્યો, અધિકારી અને પદાધિકારીઓ વિવિધ શાળાઓમાં જઈને બાળકોનો ઉત્સાહ વધારશે .

શ્રી પટેલે જણાવ્યું કે, રાજ્યના હજાર બાળકોને શાળ 31 લાખ 32ા પ્રવેશોત્સવનો લાભ મળશેઆમાંથ .ી બાલવાટિકામાં 73 લાખ 11 હજાર, ધોરણ એકમાં હજાર 62 લાખ 3, ધોરણ નવમાં 35 લાખ 10 .હજાર બાળકો પ્રવેશ મેળવશે 61 લાખ 6 માં11 હજાર અને ધોરણ શાળા પ્રવેશોત્સવ દરમિયાન નમો લક્ષ્મી અને નમો સરસ્વતી, મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ અને જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશીપ યોજનાના લાભ પાત્રતા ધરાવતા બાળકોને આપવામાં આવશે.

**RNU અમદાવાદ**

---

# જિલ્લામાં 10 મા યોગ દિવસની ઉજવણીની તૈયારી

આવતીકાલે સમગ્ર રાજ્ય સહિત કચ્છ જિલ્લામાં ૧૦માં 'વિશ્વ યોગ દિન'ની ઉજવણીનું આયોજન કરાયું છે. 'સ્વયં અને સમાજ માટે યોગ' ની થીમ પર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના સુચારૂ આયોજન માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જિલ્લાકક્ષાનો યોગ દિવસનો કાર્યક્રમ સ્મૃતિવન મેમોરિયલ ભુજ ખાતે યોજવામાં આવશે.

ગુજરાતમાં આ વર્ષના આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો મુખ્ય કાર્યક્રમ બનાસકાંઠાના સરહદી ગામ અને સીમાદર્શન માટે સુપ્રસિદ્ધ નડાબેટ ખાતે યોજાવાનો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સવારે ૦૬:30 વાગ્યે તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સવારે ૬ વાગીને ૪૦ મિનિટે આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં પ્રેરક સંબોધન કરશે અને તેનું સમગ્ર રાજ્યમાં જીવંત પ્રસારણ પણ કરવામાં આવશે. ૨૧મી જૂને સવારે ૭ થી પોણા આઠ સુધી એટલે કે ૪૫ મિનિટ સામાન્ય યોગ પ્રોટોકોલ તાલીમ યોજવામાં આવશે

માહિતી ખાતુ

---------------------------------------------------------------------